**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૧ઑગષ્ટ ૨૦૧૨**

## ‘બૉમ્બે’ હાઈકોર્ટ નું નામ બદલી ‘મુંબઈ’ કરવાની તક વડાપ્રધાને ગુમાવી – રામ નાઈક

**મુંબઈ, મંગળવાર :** મુંબઈ વડી અદાલત નું નામ અંગ્રેજીમાં ‘બૉમ્બે’ હાઈકોર્ટ ના બદલે ‘મુંબઈ’ કરવાની તક ઉચ્ચ ન્યાયાલય ના ૧૮ ઑગષ્ટ ના આયોજીત શતકોત્તર સુવર્ણ મહોત્સવના કાર્યક્રમમાં વડાપ્રધાને ગુમાવી હતી. આ ફેરફાર તાત્કાલિક ના કરાયો તો આગળના પગલાં લેવાની ચેતવણી ભાજપ નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહને આપેલ છે. આ મુજબનિ માહિતી શ્રી રામ નાઈકે આજે મુંબઈ ખાતે પ્રસિધ્ધી માટેની અખબારી યાદીમાં જણાવેલ છે.

ઉચ્ચ ન્યાયાલય નું નામ અંગ્રેજીમાં બૉમ્બે હાઈકોર્ટને બદલે મુંબઈ હાઈકોર્ટ કરવાની માગણી સંદર્ભે વધુ માહિતી આપતા શ્રી રામ નાઇકે કહ્યું હતું કે, "અંગ્રેજીના બૉમ્બે ને બદલે મુંબઈ નામ બદલવાનો આદેશ ભારત સરકારે ૧૫ ડિસેંબર ૧૯૯૫ ના રોજ બહાર પાડયો હતો. તદ્નૂસાર ભારત સરકારે તેમજ મહારાષ્ટ્ર સરકારે પણ અનેક સ્થળે યોગ્ય ફેરફાર કર્યા. પરંતુ ઉચ્ચ ન્યાયાલયમાં ફકત બૉમ્બે હાઈકોર્ટ એવો જ ઉલ્લેખ થાય છે. આ બાબતે મુખય ન્યાયમૂર્થી સાથે પત્રવ્યવહાર કર્યા બાદ આ બદલ કરવાની આગેવાની સંસદે જ લેવી જોઈએ તેમ ૨૮ એપ્રિલના રોજ જણાવવામાં આવ્યું. ત્યારબાદ મહારાષ્ટ્રના અમુક સાંસદોએ સરકારે બદલ કરવો જોઈએ તે માટે સંસદ માં પ્રયત્ન કર્યા. છતાંયે તેઓ સફળ થયા નહી. મુંબઈ વડી અદાલત ના શતકોત્તર સુવર્ણ મહોત્સવ સમારોહ માટે વડાપ્રધાન મુંબઈમાં આવનાર હોવાથી તે સમારોહના ઔચિત્ય ને કારણે તેમજ મુંબઈ સહિત મહારાષ્ટ્રની જનતાની અસ્મિતા ને ધ્યાનમાં રાખી બૉમ્બે હાઈકોર્ટ નું નામ મુંબઇ હાઈકોર્ટ તેમ જાહેર કરવું તેવું આવાહન મેં પોતે વડાપ્રધાનને ૧૨ ઑગષ્ટ ના પત્ર લખી કર્યું હતું. તે સંબંધે મુખ્યપ્રધાન શ્રી પૃથ્વીરાજ ચૌહાણની રૂબરૂ મુલાકાત લઈ તેમને પત્રવ્યવહાર માટે વિનંતી સુધ્ધા કરી હતી. છતાંયે ૧૮ ઑગષ્ટ ના ભાષણમાં વડાપ્રધાને આ સંદર્ભે જાહેરાત ન કર્યા બદલ હું તેમનો નિષેધ કરૂં છું."

"વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહે સંવેદના દાખવી વધુ વિલંબ ન કરતા બૉમ્બે હાઈકોર્ટ નું નામ મુંબઈ હાઈકોર્ટ તેમ યોગ્ય તે કાયદામાં દુરસ્તી કરીને કરવામાં આવે, એટલું જ નહી પણ મદ્રાસ અને કલકત્તા હાઈકોર્ટ ના નામો પણ અનુક્રમે ચેન્નઈ અને કોલકાતા તેમ કરવામાં આવે. તેમજ તેમણે ૧૮ મે ના ભાષણ કરેલા આઈઅઈટી બૉમ્બે નું નામ પણ મુંબઈ કરવામાં આવે. ભારત સરકાર ની આ માગણી બદલ પ્રતિસાદ શું છે તેની માહિતી તાત્કાલિક આપવામાં આવે" તેવિ માગણી પણ શ્રી રામ નાઈકે વડાપ્રધાનને ૨૦ આગષ્ટના પાઠવેલા પત્રમાં કરેલ છે.

**( કાર્યાલય સચિવ )**